Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-3, December-2020

# નગરીકરણની ભારતીય સમાજ પર અસર

# Impact of Urbanization on Indian Society

ડૉ.હસમુખ પંચાલ

મ.પ્રાધ્યાપક,સમાજશાસ્ત્રવિભાગ,ગૂજરાતવિદ્યાપીઠ,રાંધેજા.9429732401,hasmukhp13@gmail.com

*સારસંક્ષેપ-*

*ભારતમાં નગરીકરણને આર્થિક વિકાસ અને પ્રગતિના એક મુખ્ય ઘટક તરીકે ગણીને તેને અનિવાર્ય ગણવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં અર્થવ્યવસ્થાના ઉદારીકરણને લીધે ભારતમાં આર્થિકવૃદ્ધિ થવા લાગી છે અને આ આર્થિકવૃદ્ધિમાં શહેરી વિસ્તારોનું પ્રદાન 50 ટકા જેટલું છે. આ ઘટના નગરોનાં વધતા જતાં આર્થિક મહત્વને સૂચિત કરે છે. આજે ભારતની 32 ટકાથી વધુ વસ્તી નગરોમાં વસવાટ કરે છે અને તે ભવિષ્યના થોડા દશકામાં 50 ટકાથી વધુ થવાની સંભાવના રહેલી છે. ભારતમાં આજે નગરીકરણના પાસાં તપાસીએ તો મોટાનગરો અને તેની આજુબાજુના વિસ્તારોમાં નગરીય વસ્તીના કેન્દ્રીકરણનો પ્રવાહ પ્રબળ બનતો જાય છે. જુદા જુદા રાજ્યો અને જુદા જુદા નગરોમાં નગરીકરણની ઢબોમાં વૈવિધ્ય જોવા મળે છે. નગરીકરણના કેન્દ્રીકરણનો પ્રબળ પ્રવાહ અને નગરીકરણના પ્રસારની અસમાન ઢબે નગરીકરણના નકારાત્મક પાસાની અસર પેદા કરી શકે છે. નગરીકરણ એક એવી પ્રક્રિયા છે જે નગરીય પ્રભાવોનો પ્રસાર કરે છે. પરીણામે ભારતીય સમાજમાં જ્ઞાતિ, કુટુંબ, લગ્ન, ગ્રામજીવન, સ્ત્રીના દરજ્જા માં આવેલ બદલાવ તથા નગરવાદ અને સામાજિક સમસ્યાઓનો ઉદ્દભવ-વિકાસ થયો છે. ભારતીય સમાજ પર નગરીકરણની અસરનો પ્રસ્તુત અભ્યાસ છે*

*ચાવીરૂપ શબ્દો – ભારતીય સમાજ, વસ્તી, નગરીકરણ, પરીવર્તન, નગર કે શહેર.*

પ્રસ્તાવના –

ભારતમાં નગરીકરણના પ્રમાણનો ખ્યાલ છેલ્લાં 70 વર્ષના ગ્રામીણ અને નગરીય વસ્તીના આંકડા તપાસવાથી આવી શકે છે. 1901 થી 1051 સુધીમાં 50 વર્ષના ગાળામાં ગ્રામીણ વસ્તીના પ્રમાણમાં 6.5 ટકા ઘટાડો થયો છે, જ્યારે શહેરીવસ્તીનું પ્રમાણ 6.5 ટકા વધ્યું છે. આ ઘટના ગ્રામીણ વસ્તીનું નગરોમાં થતાં સ્થળાંતરની પ્રક્રિયાનો અથવા નગરીકરણનો નિર્દેશ કરે છે. એ જ રીતે 1951 થી 2011 ના સમયગાળામાં પ્રત્યેક દશકામાં ગ્રામીણ વસ્તીમાં ઘટાડો અને શહેરી વસ્તીમાં વધારો થયો છે. જો કે, પશ્ચિમના દેશોની તુલનામાં ભારતમાં નગરીકરણની આ પ્રક્રિયા એકંદરે ધીમી રહી છે, જેનાં જુદાં જુદાં કારણો છે. પરંતું ભારતની સમાજવ્યવસ્થાના સંદર્ભમાં જોતાં તેમજ છેલ્લા એક જ દશકામાં ભારતનાં વિવિધ નગરોનાં કદમાં થયેલા વધારાનો તેમજ નગરોની સંખ્યામાં થયેલી વધઘટનો વિચાર કરતાં જણાય છે કે ભારતમાં નગરીકરણની પ્રક્રિયા ધીમી નથી. જેની ભારતીય સમાજજીવન અને સામાજિક સંસ્થાઓ ઉપર ઊંડી અસર નિપજાવી છે જેનો અત્રે અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે.

ઉદ્દેશ્ય - 1. ભારતમાં નગરીકરણની સ્થીતિનો સમજવી

2. નગરીકરણની ભારતીય સમાજ ઉપર અસરનો અભ્યાસ

2. સંશોધન પધ્ધતિ –

ઐતિહાસીક પદ્ધતિ દ્વારા શોધ કાર્ય કર્યુ છે. દ્વિતિયક માહિતીનો ઉપયોગ શોધ કાર્યમાં કર્યો છે. જેમાં પૂર્વ અભ્યાસો, અહેવાલ, સંશોધનલેખ, પ્રકાશિત સાહિત્ય, ઈન્ટરનેટ તથા વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસના પ્રથમ ભાગમાં વિષયવસ્તુ, બીજા ભાગમાં સંશોધન પદ્ધતિ, ત્રીજા ભાગમાં

વિશ્લેષણ અને ચોથા ભાગમાં સારાંશ દર્શાવેલ છે.

3.1 ભારતમાં નગરીકરણ -

1951 સુધી ભારતમાં નગરીકરણની પ્રક્રિયા ધીમી રહી હતી, પરંતુ છેલ્લાં ત્રીસ વર્ષમાં ગ્રામવાસીઓનું નગરોમાં સ્થળાંતર કરવાનું પ્રમાણ વધેલું જણાય છે. સ્વતંત્ર ભારતમાં સામાજિક આયોજનનું એક ધ્યેય ઝડપી ઉદ્યોગીકરણ કરવાનું રહ્યું છે. તેથી નગરોમાં જુદા જુદા જાહેર અને ખાનગી ઉદ્યોગો સ્થપાતા રહ્યાં અને તે રીતે ઉદ્યોગીકરણની પ્રક્રિયા તુલનાત્મક રીતે ઝડપી બનતાં નગરોની વૃદ્ધિનો દર પણ વધતો રહ્યો. આ પ્રક્રિયાની અસરરુપે ભારતમાં વિવિધ સમસ્યાઓ પણ સર્જાતી રહી છે. તેથી વિભિન્ન સમાજશાસ્ત્રીઓએ આપેલ નગરીકરણનો અર્થ સમજીએ.

એમ. એસ. ગોરે જણાવે છે કે નગરમાં વસવાટ કરતી વ્યક્તિઓના વધતા જતા દરને સૂચિત કરવા માટે નગરીકરણ શબ્દ પ્રયોજાય છે.

આશિષ બોઝ વસ્તીશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી નગરીકરણનો અર્થ આપે છે કે અમુક સમયગાળા દરમિયાન સમગ્ર વસ્તીમાં નગરીય વસ્તીના પ્રમાણમાં થતો વધારો એટલે નગરીકરણ.

ટૂંકમાં કહી શકાય કે નગરીકરણ ગ્રામીણ વસ્તીનું નગરમાં સ્થળાંતર કરવાની, ગામડાનું નગરમાં રુપાંતર થવાની, નરગરના ઉદ્દભવ અને વિકાસની પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં નગરના કદમાં થતી વૃદ્ધિ તથા નગરોની સંખ્યામાં થતી વૃદ્ધિના પ્રમાણની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

કોષ્ટક - 1 ભારતમાં નગરીકરણ ( 1901 થી 2011 )

| સેન્સ. વર્ષ | નગરોની સંખ્યા | નગરીયવસ્તી(મિલિયન) | ગ્રામીણ વસ્તીના ટકા | નગરીય વસ્તીના ટકા |
|---|---|---|---|---|
| 1901 | 1916 | 25.70 | 89.15 | 10.85 |
| 1911 | 1908 | 25.67 | 89.70 | 10.30 |
| 1921 | 2048 | 27.82 | 88.82 | 11.18 |
| 1931 | 2220 | 33.14 | 88.00 | 12.00 |
| 1941 | 2427 | 43.77 | 86.14 | 13.86 |
| 1951 | 3060 | 62.00 | 82.71 | 17.29 |
| 1961 | 2700 | 78.34 | 82.03 | 17.97 |
| 1971 | 3126 | 108.26 | 80.09 | 19.91 |
| 1981 | 4029 | 156.42 | 76.66 | 23.34 |
| 1991 | 4689 | 215.78 | 74.30 | 25.70 |
| 2001 | 5161 | 286.12 | 72.19 | 27.81 |
| 2011 | 7935 | 377.10 | 68.80 | 31.20 |

સ્ત્રોત - વોલ્યુમ - 2, રૂરલ-અર્બન ડિસ્ટ્રીબ્યુશન ગુજરાત સિરીઝ - 25, સેન્સસ - 2011

1901 થી 1951 ના પ્રત્યેક દશકામાં નગરીય વસ્તીમાં અને નગરોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી હતી. નગરોની સંખ્યામાં થયેલો વધારો નવા નગરોના

નિર્માણની અને ગામડાનું નગરોમાં રૂપાંતર પામવાની પ્રક્રિયા ઉપર પ્રકાશ પાડે છે. બ્રિટિશયુગ દરમિયાન ભારતમાં થયેલા નગરીકરણમાં ઉદ્યોગીકરણ, વાહન-વ્યવહાર અને સંચારવ્યવહાર, શિક્ષણ જેવા પરિબળોના વિકાસે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. પરીણામે મધ્યમકદના નગરો ક્ષીણ થતાં જતાં હતા અને મોટા કદના નગરોમાં વૃદ્ધિ થતી હતી. જેમાં તાતાનગર, જમશેદપુર જેવાં ઔદ્યોગિક નગરો અને ઔદ્યોગિક ક્ષેત્રે મુંબઈ, મદ્રાસ, કાનપુર, અમદાવાદ જેવા નગરોએ મહત્વ ધારણ કર્યું. રેલવેના લીધે કલકત્તા, કાનપુર, વિરમગામ જેવા નગરોનો ઉદ્દભવ- વિકાસ થવા લાગ્યો. બ્રિટિશયુગ દરમિયાન હવાખાવાના સ્થળો તરીકે દહેરાદૂન, સિમલા, મસૂરી, નૈનીતાલ, દાર્જિલિંગ જેવા નગરોનો ઉદ્દભવ - વિકાસ થયો. બ્રિટિશ અમલ દરમિયાન ભારતમાં નગરીકરણની પ્રક્રિયા વધુ ઝડપી બની, તેમાં ઉદ્યોગીકરણે મહત્વનો ભાગ ભજવ્યો છે.

1951 થી 2011 ના સમયગાળાના પ્રત્યેક દશકામાં ગ્રામીણ વસ્તીમાં ઘટાડો અને નગરીય વસ્તીવૃદ્ધિ થતી જાય છે. આ ઘટના ગ્રામીણ વસ્તીનું જુદા જુદા નગરોમાં થયેલાં સ્થળાંતરને દર્શાવે છે.

કોષ્ટક - 2 ભારતમાં જુદી જુદી શ્રેણીના નગરો

| સેન્સસ વર્ષ | 1,00,000 અને વધુ વસ્તી 1 શ્રેણી | 50,000 થી 99,999 વસ્તી 2 શ્રેણી | 20,000 થી 49,999 વસ્તી 3 શ્રેણી | 10,000 થી 19,999 વસ્તી 4 શ્રેણી | 5,000 થી 9,999 વસ્તી 5 શ્રેણી | 5,000 થી ઓછી વસ્તી 6 શ્રેણી | તમામ શ્રેણી ના નગર |
|---|---|---|---|---|---|---|---|
| 1901 | 24 | 44 | 143 | 427 | 771 | 503 | 1915 |
| 1911 | 25 | 38 | 157 | 388 | 744 | 509 | 1864 |
| 1921 | 28 | 49 | 171 | 395 | 767 | 605 | 2018 |
| 1931 | 30 | 59 | 217 | 477 | 846 | 556 | 2188 |
| 1941 | 48 | 87 | 273 | 551 | 976 | 454 | 2392 |
| 1951 | 75 | 110 | 374 | 672 | 1118 | 616 | 3035 |
| 1961 | 105 | 139 | 517 | 816 | 842 | 238 | 2657 |
| 1971 | 149 | 219 | 649 | 985 | 803 | 276 | 3081 |
| 1981 | 224 | 325 | 878 | 1240 | 900 | 324 | 3891 |
| 1991 | 322 | 421 | 1161 | 1451 | 971 | 289 | 4615 |
| 2001 | 441 | 496 | 1387 | 1564 | 1042 | 231 | 5161 |
| 2011 | - | - | - | - | - | - | 7935 |

સ્રોત - જનરલ પોપ્યુલેશન ટેબલ, પાર્ટ - 2, સેન્સસ ઓફ ઈન્ડિયા - 2001

ભારતમાં જુદા જુદા કદના નગરોની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે. 1961 માં નગરોની સંખ્યા 2657 હતી તે 2011 માં 7935 થઈ છે. ભારતની શહેરી વસ્તીનો વૃદ્ધિના દર

કરતાં ભારતના મહાનગરોની વસ્તીવૃદ્ધિનો દર અત્યંત ઊંચો છે. આ ઘટના ભારતનું ઝડપી નગરીકરણ સૂચવે છે. વસ્તીના પ્રમાણના સંદર્ભમાં નગરોની સંખ્યાની વૃદ્ધિનો વિચાર કરીએ તો 1951 માં 10 લાખથી વધુ વસ્તીવાળાં શહેરો (મેગાસિટી) ની સંખ્યા 5 હતી તે 2011માં 53 થવા પામી છે. આમ, અન્ય દેશોની તુલનામાં ગ્રામીણ અને શહેરીવસ્તીના પ્રમાણના આધારે ભારતમાં નગરીકરણ ધીમું દેખાતું હોવા છતાં ભારતમાં નગરોમાં વસ્તીવૃદ્ધિનો જે દર છે તે વિદેશોનાં નગરોની વસ્તીવૃદ્ધિ દર કરતાં ઊંચો છે. ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન નવાં નગરોનો ઉદ્દભવ-વિકાસ થતો ગયો. ગામડામાંથી નગરોમાં થતાં સ્થળાંતરનું પ્રમાણ પણ ઉત્તરોત્તર વધતું ગયું અને તે રીતે નગરોમાં વસ્તીનું કેન્દ્રીકરણ થતું ગયું. આ રીતે જોતાં ભારતમાં નગરીકરણની પ્રક્રિયા ઝડપી બની છે.

3.2 નગરીકરણની ભારતીય સમાજ ઉપર અસર -

ભારતમાં સ્વતંત્રતા બાદ આયોજિત વિકાસ કાર્યક્રમો અને ખાનગી તેમજ જાહેર ક્ષેત્રમાં થયેલા ઔદ્યોગિક વિકાસને લીધે નગરીકરણની પ્રક્રિયા અગાઉના બધા યુગો કરતાં વધુ ઝડપી બની રહી છે. સામાજિક-સાંસ્કૃતિક બહુવિધતા, વસ્તી ગીચતા, વ્યવસાયોની વિપુલતા, બિનઅંગત સામાજિક સંબંધો, સામાજિક ગતિશીલતા, ઔપચારિક સામાજિક નિયંત્રણ, બિનસાંપ્રદાયિકતા અને વ્યક્તિવાદી વલણો વગેરેનું નગરીય સમુદાયમાં પ્રાધાન્ય હોય છે. સંચાર માધ્યમો, શાળા-કોલેજો, પુસ્તકાલયો, પરિસંવાદો વગેરે મારફત નગર સમુદાયમાં એવું એક ઉદાર, સહિષ્ણુ અને બૌદ્ધિક વાતાવરણ સર્જાય છે, જેમાં રૂઢિગત અને પ્રણાલિગત ધર્મનો પ્રભાવ ઘટી જાય છે. જુદા જુદા હિતોના સંતોષ અર્થે નગર સમુદાયમાં વ્યક્તિ જુદા જુદા જૂથોનું સભ્યપદ ધરાવે છે અને આવાં જૂથો વ્યવસાયિક કે આર્થિક હિતોને કેન્દ્રમાં રાખીને ઉદ્દભવતાં હોય છે. આ પ્રકારની નગરીય જીવનપદ્ધતિએ ભારતીય સમાજજીવન અને સામાજિક સંસ્થાઓ ઉપર ઊંડી એસર નિપજાવી છે. નગરીય વાતાવરણમાં પરંપરાગત જીવનપદ્ધતિને ટકાવી રાખવાનું મુશ્કેલ બને છે. પરિણામે સામાજિક નિયંત્રણ નબળું પડે છે અને સામાજિક સંસ્થાઓમાં પરંપરાઓમાંથી આધુનિકતા તરફનાં પરિવર્તનો આવે છે, જે નીચે મુજબ દર્શાવી શકાય.

1. કુટુંબ વ્યવસ્થા –

કુટુંબ માનવસમાજની પાયાગત સંસ્થા છે. સંયુક્ત કુટુંબો ભારતની પરંપરા રહી છે. પરંતુ નગરીકરણ, ઉદ્યોગીકરણ, શિક્ષણ, આધુનિકીકરણ વગેરે અનેકવિધ નવાં પરિબળો વિકસતાં સંયુક્ત માંથી વિભક્ત કુટુંબ વ્યવસ્થાનો વિકાસ થયો. શહેરી વલણો અને મૂલ્યોએ સંયુક્ત કુટુંબના કદમાં અને સંયુક્તતાના પરંપરાગત સ્વરૂપમાં પરિવર્તન લાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. આઈ. પી. દેસાઈ, કાપડિયા, ઈરાવતી કર્વે, ગોરે જેવા વિદ્વાનો ના અભ્યાસોમાં દર્શાવાયુ છે કે સંયુક્ત કુટુંબ નુ સ્થાન ધીરે ધીરે બદલાઈ રહ્યું છે. આઈ. પી. દેસાઈએ મહુઆ નગરના અભ્યાસમાં જણાવ્યું છે કે માત્ર 5 ટકા જ વિભક્ત કુટુંબો છે, જ્યારે 95 ટકા કુટુંબો એક યા બીજા સ્વરૂપે સંયુક્તતા ધરાવે છે. માત્ર તેમની સંયુક્તતાની માત્રામાં જ તફાવત છે. કાપડિયાના નવસારી નગરનાં અભ્યાસમાં લખે છે કે રૂઢિગત કુટુંબના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થયો નથી, આવાં કુટુંબોનું પ્રમાણ 40 ટકા માલૂમ પડયું છે. કાપડિયાના અભ્યાસમાં 58 ટકા આવાં કુટુંબો જોવા મળ્યાં છે અને દેસાઈના અભ્યાસમાં 50 ટકા જેટલાં કુટુંબો જણાયાં છે, જે વિભક્તતાની સમજ આપે છે. આર.કે.મુખર્જી (1973) એ પશ્ચિમ બંગાળમાં (1960-61) માં 4,120

પરિવારો ના અભ્યાસમાં જણાવે છે કે સંયુક્ત કુટુંબનું વિભક્ત કુટુંબ દ્વારા ફેરબદલી એક અનિવાર્ય પ્રક્રિયા છે.

નગરનું વ્યક્તિવાદી વલણ કુટુંબવાદના રૂઢિગત આદર્શને ગૌણ બનાવે છે. આથી સંયુક્ત કુટુંબના રૂઢિગત સત્તાના માળખામાં રૂપાંતર થાય છે. શિક્ષિત યુવાનો નવા મૂલ્યોનો સ્વિકાર કરતા થયા છે. સ્વતંત્ર્ય, સમાનતા, ન્યાય, બિનસાંપ્રદાયિકતા જેવા નવા મૂ્ૂલ્યોનો યુવકો અને યુવતીઓ આગ્રહ સેવવા લાગે છે. તેઓ તેમનાં મા-બાપના નિયંત્રણ અને નિરીક્ષણની બહાર ઘણો સમય વ્યતીત કરે છે. પરિણામે તેમના પરથી મા-બાપનું નિયંત્રણ ઘટી જાય છે. મા-બાપ પણ નવાં મૂલ્યોનો સ્વિકાર કરતા જાય છે. તેઓ પોતાનાં યુવાન સંતાનો અને કુટુંબના સભ્યોને સ્વાતંત્ર્ય આપવામાં વધુ ઉદાર તેમજ સહિષ્ણુ બને છે. નગરની બિનસાંપ્રદાયિકતા કુટુંબજીવનમાં ધર્મ અને ધાર્મિક વિધિવિધાનનું મહત્વ ઘટાડે છે. આમ, નગરીકરણની કુટુંબની રચના અને કાર્ય ઉપર ઊંડી અસર પડે છે.

2. જ્ઞાતિવ્યવસ્થા –

નગરીકરણની જ્ઞાતિવ્યવસ્થા પર થયેલી અસરના સંદર્ભમાં શહેરોમાં જ્ઞાતિના પરંપરાગત ખ્યાલો છોડવા પડે છે. ખાનપાન નાં સંબંધો, લગ્નના સંબંધો, સામાજિક સંબધો અને વ્યવસાયિક સંબંધો માં પરિવર્તન થયું છે. નગરીકરણ, શિક્ષણ, વ્યક્તિગત ઉપલબ્ધિ અને આધુનિક દરજ્જા તરફ અભિમુખીકરણનો વિકાસ જ્ઞાતિની ઓળખને ઘટાડે છે. નગરના માણસો એવા સંબંધોના જૂથમાં ભાગ લે છે જે વિવિધ જ્ઞાતિઓના વ્યક્તિઓનું બનેલુ હોય છે. રજની કોઠારી જણાવેછે કે વ્યક્તિઓ પ્રત્યે વફાદારીનું સ્થાન એક-બીજા ને કાપવાવાળી વફાદારીઓ એ લીધુ છે. કેટલીક જ્ઞાતિઓના શિક્ષિત સભ્યો, જે આધુનિક વ્યવસાયોમાં છે, જે ક્યારેક દબાવજૂથના રૂપમાં સંગઠિત થઈ જાય છે. આ પ્રકારે એક જ્ઞાતિ બીજા દબાવજૂથ ની સાથે રાજનીતિક અને આર્થિક સંસાધનો માટે એક સામુહિકજૂથ ની જેમ પ્રતિસ્પર્ધા કરે છે. આ પ્રકારના સંગઠન એક નવા પ્રકારની એકાત્મક્તા દર્શાવે છે. આ પ્રતિસ્પર્ધા કરવાવાળા જૂથ જ્ઞાતિની પરંપરા કરતાં સામાજિક વર્ગોની જેમ કામ કરે છે. નગરોની હોટલ, રેસ્ટોરાં, સિનેમાગૃહો, બાગ-બગીચા, શાળા-કૉલેજો, જાહેર વાહનો વગેરે સ્થળોએ વિવિધ જ્ઞાતિના લોકો એકબીજાના સંપર્કમાં આવે છે. આથી તેમની વચ્ચેના આંતરસંબંધોનાં પરંપરાગત ધોરણો નબળા પડે છે. કુપ્પુસ્વામી લખે છે કે જ્યાં સુધી દેશમાં મોટાં નગરોનો અભાવ હતો અને લોકો નાના ગામડામા રહેતા હતા ત્યાં સુધી જ્ઞાતિનાં ધોરણો મુજબનું પરંપરાગત જીવન જીવવું શક્ય હતું. પણ વિશાળ નગર સમુદાયમાં ઉપર જણાવેલ પરિસ્થિતિના કારણે જ્ઞાતિનાં બંધનો ઢીલાં પડ્યાં છે.

3. લગ્નવ્યવસ્થા –

વર્તમાન ભારતીય સમાજમાં લગ્ન માટેના પરંપરાગત મૂલ્યો, વિચારો કે પરંપરામાં કેટલાક પરિવર્તનો જોવા મળે છે. કેમકે નગરીકરણ અને નવાં મુલ્યો, નવા વિચારોને કારણે લગ્નસંસ્થાનાં સંદર્ભમાં કેટલાક નવા પાસાં વિકસતા જોવા મળે છે. વિવિધ જ્ઞાતિ કે સમાજમાં લગ્નની અગત્યતા, વિધિઓ અને તેનાં મૂલ્યોમાં તફાવત હોય છે. નગરમાં સાથે નોકરી કે વ્યવસાય કરતાં યુવક-યુવતી પોતાની મરજીથી પ્રેમલગ્ન કરે છે. જેમાં ક્યારેક પરણેલો યુવક, યુવતી સાથે ફરી પરણવાની લાલચ આપે અને યુવતી બળાત્કારની પોલીસ ફરીયાદ કરે તેવા કિસ્સા જોવા મળે છે. વધુ શિક્ષણ મેળવી, નોકરીયાત મહિલાઓ કુંવારા રહેવાનું વધુ પસંદ કરે છે. લગ્નવય ઊંચી જતી જોવા મળે છે કેમ કે યુવાનો પોતાના પગભર થયા પછી લગ્ન કરવાનું વિચારે છે. કેટલાંક

યુવાનોમાં સિંગલ રહેવાનો, લગ્ન કરીને પણ સંતાન પ્રાપ્તી ન કરવાવાળા- નો ચાઈલ્ડ મેરેજ, લગ્ન વગર લીવ ઈન રિલેશનશિપમાં રહેવાવાળા, ન ગમે તો છુટાછેડા લેવાનું અને પસંદગી વાળી વ્યક્તિ સાથે કોર્ટમેરેજ કરવા જેવી ઘટનાઓ વધતી જાય છે. વર્તમાન સમયમાં પ્રાદેશીક તેમજ રાષ્ટ્રીય સ્તરના અખબારોમાં જાહેરાત આપવામાં આવે છે. ઓન લાઇન મેરેજબ્યુરો કાર્યરત થયા છે. ઇન્ટરનેટ દ્વારા ચેટીંગ-સેટીંગ કરીને પરિચય મેળવી લગ્નો થવા લાગ્યા છે. જેના દ્વારા પસંદગી ના ક્ષેત્રને વિશાળ બનાવવામાં આવી રહ્યાં છે. તેમજ ભિન્ન-ભિન્ન જ્ઞાતિ, ધર્મ, ભાષા, બોલી કે સંસ્કૃતી ધરાવતી વ્યક્તિઓ વચ્ચે લગ્નો વધી રહ્યા છે. ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરના પાલડીમાં આવેલા મહેંદી નવાબગંજ હોલમાં "લિવ ઈન રિલેશનશિપ " સંમેલનનું આયોજન થયું હતું. જેનું ટાઇટલ હતું " પાનખરમાં ખીલી વસંત "જેમાં સિનિયર સિટિઝન માટે આ લિવ ઈન રિલેશનશિપનું આયોજન કરવામાં આવેલું, તેમાં 300 જેટલા પુરૂષો અને 70 જેટલી મહિલાઓ સહભાગી થયા હતાં. ( ગુજરાત સમાચાર,રવિપૂર્તિ,તા-11/12/11 ). મોટા નગરોમાં આધુનિકતા તેમજ પશ્ચિમી સંસ્કૃતિની અસરના કારણે ભારતમાં લગ્ન પહેલાં અને લગ્ન બહારના જાતીય સંબંધોમાં તીવ્રતાથી વધારો થઇ રહ્યો છે. સમાચાર પત્રોમાં આવા પ્રણય ત્રિકોણના કિસ્સા વારંવાર વાંચવા મળે છે જેમાં " લવ કમ સેક્સ જયાદા " જેવી સ્થિતિ જોઇ શકાય છે. જેને છુટાછેડાના જવાબદાર પરિબળ ગણી શકાય. કલ્પેશ જોષી ડિસેમ્બર 2014 ના સખી સામયીક માં જણાવે છે કે પરદેશમાં વસતા ગુજરાતી કુટુંબના દિકરાના લગ્ન, ભારતીય વિધિથી કરાવતાં અંગ્રેજી ભાષા અને લેપટોપમાં લગ્નવિધિ બતાવી તથા મોબાઇલનો ઉપયોગ કરવો પડ્યો. નરસિંહ પટેલના પુસ્તક લગ્ન પ્રપંચમાં એવા દ્રષ્ટાંતો અને રીતરિવાજો દર્શાવ્યાં છે કે સમાજ પ્રત્યે તિરસ્કાર અને ધૃણા જન્મે, જે પરિવર્તન ઝંખે છે. ભરવાડ જ્ઞાતિમાં લગ્નવ્યવસ્થાનો અભ્યાસ કરતાં સલીમ ડાકોરા જણાવે છે કે બાળલગ્ન ઘટ્યા છે, સમૂહલગ્ન વધ્યા છે, સાટાલગ્નપ્રથા છે, લગ્ન અને પુનર્લગ્ન માતા-પિતાની પસંદગી મૂજબ થાય છે પરંતુ તેમાં પરણનાર વ્યક્તિની પસંદગીનું મહત્વ વધ્યું છે. નગરીકરણથી વર્તમાન સમયમાં લગ્નસંસ્થામાં આવતા પરિવર્તનો એ 21મી સદીનો એક મોટો પડકાર બન્યાં છે.

4. મહિલાનો દરજ્જો –

નગરીકરણની મહિલાઓનાં પરંપરાગત સ્થાન પર પણ વ્યાપક અસર પડી છે. ભારતમાં 2011 માં ગ્રામીણ ક્ષેત્રો( 57.93) કરતાં નગરમાં(79.11) સ્ત્રી શિક્ષણ વધુ છે. નગરોમાં મહિલાઓને વ્યવસાય અને શિક્ષણક્ષેત્રે વિકાસની વધુ તકો મળે છે. તેઓ માત્ર પોતાના આર્થિક, સામાજિક અને રાજકીય અધિકારોને થી પરીચિત છે તેમ નથી પણ તેઓ તે અધિકારોનો ઉપયોગ પોતાના અપમાન અને શોષણથી બચવા માટે કરે છે, તેથી તેઓ નવા અધિકારો માંગે છે. નોકરીયાત મહિલાઓ બેવડી ભૂમિકા નિભાવે છે. મહિલાઓ નવા અવસર ઈચ્છે છે અને સાથે સાથે જૂની સુરક્ષાઓની માગણી પણ કરે છે. તે પોતાની વર્તમાન સ્વતંત્રતા પસંદ કરે છે, પરંતું જૂનાં મૂલ્યોના જતનને પણ ઈચ્છે છે. નગરીકરણે મહિલાઓને વ્યવસાય અને શિક્ષણની તક પૂરી પાડી છે. તેઓમાં વ્યક્તિવાદ, સમાનતા, સ્વમાન અને ગૌરવની લાગણી વિકસતી જાય છે.

5. ગ્રામીણ જીવન –

પરીવહન અને સંચાર સાધનો વધતાં ગ્રામીણ લોકોનો શહેરો સાથેનો સંપર્ક વધ્યો, તેથી શહેરી સંસ્કૃતિનાં વ્યક્તિવાદી વલણો અને મૂલ્યો ગામડામાં પ્રસરવા લાગ્યાં છે. પરિણામે

ગ્રામીણ લોકોની રહેણી કરણી, કુટુંબજીવન, ધર્મ, રીતરિવાજો, પરંપરા, જ્ઞાતિસંબંધો, આંતરસંબંધો વગેરેમાં બદલાવ આવ્યો છે. ગામડાનો દૂધવેચનારો અને શહેરોમાં વસતા લોકો પ્રસંગોપાત ગામડામાં આવતાં-જતાં લોકો, અન્ય જેઓ શહેરોના સંપર્કમાં આવતાં તેઓ પણ તેમની સાથે શહેરી સંસ્કૃતિનાં વિભિન્ન તત્વો ગામડામાં ફેલાવે છે. જજમાની વ્યવસ્થા કમજોર બની રહી છે અને અન્તર્જ્ઞાતિય તથા અન્તર્વર્ગીય સંબંધોમાં પરિવર્તન આવી રહ્યાં છે. લગ્ન, કુટુંબ અને જ્ઞાતિ પંચાયતોની સંસ્થાઓમાં પણ પરિવર્તન થયું છે.

6. સામાજિક સમસ્યાઓનો ઉદ્દભવ – વિકાસ-

ભારતમાં નગરીકરણને આર્થિક વિકાસ અને પ્રગતિના એક મુખ્ય ઘટક તરીકે ગણીને અનિવાર્ય ગણવામાં આવ્યું છે. પરંતુ ઝડપી નગરીકરણની પ્રક્રિયામાં રહેલી કેટલીક વિસંગતતાઓએ વિવિધ સમસ્યાઓનું સર્જન કર્યું છે. આધુનિક શહેરીજન વધુને વધુ ઉપભોક્તાવાદી જીવનશૈલીને પરિણામે અનેકવિધ સમસ્યાઓનો ઉદ્દભવ-વિકાસ થયો છે. આવી સમસ્યાઓમાં પ્રદુષણ, ટ્રાફિક, ગંદાવસવાટ, ગરીબી, બેકારી, રહેઠાણ, અપરાધ, ભિક્ષા, ગેરકાનૂની પ્રવૃત્તિઓ, અપૂરતી નાગરિક સુવિધાઓ, વગેરે ની સમસ્યાઓ જણાય છે. આ સમસ્યાઓ દૂર કરવા તથા તેનું નિયંત્રણ કરવા માટે નગર આયોજન જરૂરી બન્યું છે. ચંડીગઢ અને ગાંધીનગર જેવા આયોજિત નગરોના નિર્માણની અને સ્માર્ટ સીટી યોજના ની અનિવાર્યતા ઊભી થઈ છે.

7. નગરવાદવો ઉદ્દભવ – વિકાસ –

નગરવાદ એ નગરીકરણની પ્રક્રિયા માંથી ઉદ્દભવતી પરિસ્થિતિ અને જીવનશૈલી છે. નગરવાદ અને નગરીકરણ બંને પરસ્પર સંબંધિત છે. બંને વચ્ચે કાર્ય-કારણ જેવો સંબંધ છે. નગરીકરણ નગરવાદના કારણરૂપ પ્રક્રિયા છે અને નગરવાદ નગરીકરણના પરિણામરૂપ પરિસ્થિતિ છે. ભારતમાં નગરીકરણની પ્રક્રિયાએ એક જીવનશૈલી તરીકે નગરોમાં કુટુંબ, જ્ઞાતિ અને સમુદાયનાં બંધનો તથા ધોરણોને નબળાં પાડ્યાં છે. નગરજનોમાં યંત્રવત જીવન અને વૈયક્તીકરણ વિકસતા જાય છે. નગરજનો હવે સામાજિક સંબંધોને ધ્યેયપ્રાપ્તિના સાધન તરીકે ગણવા લાગ્યાં છે. નગરોમાં સમાજજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વિશેષીકરણ અને પરાવલંબન વધતું જાય છે. સામાજિક દરજ્જાનાં પ્રતીકો જેવાં કે ગાડી, બંગલો, મોબાઈલ, પોશ એરિયામાં વસવાટ વગેરેનું પ્રાધાન્ય વધતું જાય છે. નગરીકરણને લીધે આર્થિક સ્પર્ધાની સાથોસાથ સમાજજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સ્પર્ધા અને ઉચ્ચ જીવન ની મહત્વકાંક્ષા એક મૂલ્ય તરીકે વિકાસ પામી રહ્યાં છે. ગતિશીલતા અને સ્થળાંતરને પ્રોત્સાહન મળ્યું છે. સ્વાતંત્ર્ય, સમાનતા, બિનસાંપ્રદાયિકતા, ઉપયોગિતાવાદ, વ્યક્તિવાદ, પરિણામલક્ષી અભિગમ જેવાં મૂલ્યોનું પ્રાધાન્ય વધતું જાય છે. એન્ડરસન એ કામ કરવાની રીતો, સામાજિક ગતિશીલતા, ટૂંકજીવી સંબંધો, અવૈયક્તિક આંતરક્રિયા, સમય અને ઝડપના દબાણ હેઠળ જીવાતું જીવન અર્થાત યંત્રવત જીવન તેમજ માનવસર્જિત વાતાવરણને નગરવાદનાં લક્ષણો તરીકે વર્ણવે છે. મોટા નગરોમાં આ લાક્ષણિકતાઓ જોવા મળે છે. તેમજ ગ્રામીણ ક્ષેત્રો માં પણ તેની અસર વર્તાય છે.

4. સારાંશ –

નગરીકરણની પ્રક્રિયાએ ભારતીય સમાજ પર વિવિધલક્ષી અસરો ઉપજાવીને એક બાજુ આધુનિક સ્વરૂપનાં પરિવર્તનો લાવવામાં ફાળો આપ્યો છે, તો બીજી તરફ અનેકવિધ સમસ્યાઓ પેદા કરીને માનવજીવન પર વિઘાતક અસરો ઉપજાવી છે. એક રીતે જોતાં નગરીકરણની પ્રક્રિયાએ પરંપરાગત ભારતીય સમાજરચના અને સંસ્થાઓ તથા મૂલ્યો અને જીવન પરિસ્થિતિ પર જુદી જુદી અસરો કરી છે

તથા તેમાં ઘેરાં પરિવર્તનો નિપજાવ્યા છે. ભારતનાં નગરોનો વિકાસ, તે નગરોની આર્થિક, ઔદ્યોગિક અને જરૂરી સેવાઓની ક્ષમતા જીરવી શકે અને નાગરિકોને સગવડ આપી શકે એવી સામગ્રો પૂરી પાડી શકે તેના કરતાં વસ્તીની સંખ્યાની દ્રષ્ટિએ ઘણી વધારે ઝડપથી આગેકૂચ કરી રહ્યાં છે. સ્થાનિક સમુદાય તરીકે જરૂરી સાધનો કરતાં વસ્તીની દ્રષ્ટિએ જ્યારે નગરોનો વધુ વિકાસ થાય ત્યારે અતિનગરીકરણ ની સમસ્યા ઉદ્દભવે છે. આમ જણાવી ડૉ અક્ષયકુમાર અને નીરા દેસાઈ શહેરીજીવનનો ઝડપી વિકાસ કેવી કેવી સામાજિક સમસ્યાઓ ઊભી કરે છે તે દર્શાવે છે. 25 જૂન 2015માં પ્રધાનમાત્રી શ્રીનરેન્દ્ર મોદીએ સ્માર્ટ સિટીના કન્સેપ્ટને પરિભાષિત કરતાં કહ્યું કે – એવું શહેર જે નાગરિકની જરૂરીયાતથી બે ડગલાં આગળ હોય. પરંતુ દરેકના મનમાં એક સર્વસામાન્ય સવાલ થઈ રહ્યો છે કે આપણે સ્માર્ટ જીવન (ગુણવત્તા યુક્ત જીવન) કેવી રીતે જીવી શકીએ. નગરીકરણનું સ્માર્ટ ઉપાયો સાથે બહેતર આયોજન કરવાની જરૂર છે, તેની સાથોસાથ સ્માર્ટ વિલેજની આવશ્યકતા પણ એટલી જ અનિવાર્ય છે.

સંદર્ભગ્રંથ –


1. જોષી વિદ્યુત (2016) પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, અમદાવાદઃ યુનિ.ગ્રંથ.બોર્ડ,ગુજરાત રાજ્ય.

2. જોષી કલ્પેશ (2014) હવે લગ્નવિધિ અંગ્રેજીમાં તે પણ લેપટોપથી, સખી સામયિક.

3. ડાકોરા સલીમ (2009) ભરવાડ જ્ઞાતિમાં લગ્નવ્યવસ્થા,એમ.ફીલ.અભ્યાસ,અમદાવાદઃ ગૂજરાત
વિદ્યાપીઠ.

4. દવે જે.કે. (2014) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અમદાવાદઃ અનડા પ્રકાશન.

5. પટેલ નરસિંહ (1991) લગ્ન પ્રપંચ, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર.

6. आहूजा राम (2016) सामाजिक समस्याए, जयपुरः रावत पब्लिकेशन्स

7. तिवारी शारदा (2017) नगरीय समाजशास्त्र, नई दिल्ली: अर्जुन पब्लिशिंग हाउस

8. सिंह वी.एन और सिंह जनमेजय (2015) नगरीय समाजशास्त्र, जयपुरः रावत पब्लिकेशन्स

9. शर्मा सुरेन्द्र (2017) नगरीय समाजशास्त्र के विविध आयाम, नईदिल्ली:डिस्कवरी पब्लिशिंग हाउस

10. Durga Singa (2018) Urbanization in India Trends & Issues, New Delhi: Swastika Publishers &
Distributors.